# ૩૧ માર્ચ પહેલા મહેસાણા જિલ્લામાં હજુ ૭૦ હજાર વાહનોને નંબર પ્લેટ કઈ રીતે લાગે ?

મહેસાણા જિલ્લા અને શહેર સહિત સમગ્ર રાજયભરના વાહનોમાં જૂની નંબર પ્લેટ બદલી હવે હાઈ સીકયોરિટી રજિસ્ટ્રેશન પ્લેટ (એચએસઆરપી) ફરજિયાત લગાવવા માટેની મુદત સરકારે ૩૧ માર્ચ કરી છે. મુદત વધારી હોવા છતાં વાહનચાલકોમાં હાલમાં આળસ જોવા મળી રહી છે. જેને લઈને હાલમાં મહેસાણા આર.ટી.ઓ. કચેરીમાં હજારો એચએસઆરપી નંબર પ્લેટ હાલમાં ધૂળ ખાઈ રહી છે. જ્યારે રોજની ૪૦૦ થી ૫૦૦ એચએસઆરપી પ્લેટ ફીટ થાય છે અને ૩૧ તારીખ સુધી ૭૦ હજાર એચએસઆરપી નંબર પ્લેટ ફીટ કરવાની છે. તે જોતા વહાનચાલકોની આળશમાં દંડ ચોક્કસ આવશે તેમ કહીએ તો ચાલશે.



આ છે મહેસાણાની આર.ટી.ઓ. કચેરી. કચેરીમાં કામ કારતા આ કર્મચારી રોજનું કામ કરે તે કરતાં પણ વધુ કામ હાલમાં કરી રહ્યા છે. તેમ છતાં હાલમાં વાહનચાલકો આર.ટી.ઓ. કચેરી સુધી આવતા નથી. જેને લઈને આજે હજારો એચએસઆરપી નંબર પ્લેટ હાલમાં આર.ટી.ઓ. કચેરીમાં ધૂળ ખાઈ રહી છે. જેને લઈને અધિકારીઓ હાલમાં સતર્ક બનીને દંડનું ભુક્તાન ન થાય તે માટેના સંપૂર્ણ પ્રયાસ કરી રહ્યા છે. તેમ છતાં હાલમાં વાહનચાલકો કચેરી સુધી આવતા નથી અને વહેલા આવે તો આ એચએસઆરપી નંબર પ્લેટ તેમના વાહન પર લાગી જાય તેમ છે. વી.ડી. અસલ આર.ટી.ઓ. મહેસાણાએ જણાવ્યું હતું. હાલમાં નંબર પ્લેટ લગાવામાં વાહનચાલકોને ભારે સમસ્યાનો સામનો કરવો પડી રહ્યા છે. એચએસઆરપી નંબર પ્લેટ લગાવા માટે પ્રથમ તો વાહનચાલકોને ઓનલાઈન જવું પડે છે અને સમય વધુ જવાથી હાલમાં વાહનચાલકો આર.ટી.ઓ. કચેરી સુધી આવતા નથી કારણ કે તમામને ઓનલાઈન મહિતી હોતી નથી અને તે રજીસ્ટર થઈ પણ જાય તો પણ તેમણે સમય ખુબ જતો હોવાથી હાલમાં વાહનચાલકો નંબર પ્લેટ લગવા આવતા જ નથી. તેમ નીલેશ પટેલ વાહનચાલકએ જણાવ્યું હતું. હાલમાં એચએસઆરપી નંબર પ્લેટ લગાવવા માટે પ્રથમ મુદત બાદ બીજી મુદત અને હવે ત્રીજી મુદત ૩૧ માર્ચ આપવામાં આવી છે અને તેને પહોંચી જવા માટે એજન્ટ નહી પરંતુ ડીલરોની નિમણુક પણ કરવામાં આવી છે.

એક તરફ રોજની ૪૦૦ થી ૫૦૦ એચએસઆરપી નંબર પ્લેટ લગાવવામાં આવે છે અને તેનો સમય પણ વધુ હોય છે. પરંતુ ૩૧ માર્ચ પહેલા મહેસાણા જિલ્લામાં હજુ ૭૦ હજાર વાહનોને નંબર પ્લેટ કઈ રીતે લાગે તે વિચારવું પડે તેમ છે. એચએસઆરપી નંબર પ્લેટને પહોંચી વળવા આયોજનના અભાવ અને સરકારી તંત્ર હાલમાં નીચલા અધિકારીને થોપવાનું કામ કરતા હોય તેમ સ્પષ્ટ લાગે છે. આરટીઓ તંત્ર પાસે પૂરતી માત્રામાં સ્ટાફ કે માણસો જ નથી તો, કેવી રીતે લાખો વાહનચાલકો - નાગરિકોના વાહનોમાં એચએસઆરપી નંબર પ્લેટ ફીટ કરી શકાશે તે સૌથી મોટો પ્રશ્ન છે. સૌથી આઘાતજનક અને ચોંકાવનારી વાત એ છે કે, એકબાજુ લાખો વાહનચાલકોના વાહનમાં એચએસઆરપી લગાવવાની છે તો બીજીબાજુ આરટીઓ તંત્ર પાસે પૂરતો સ્ટાફ અને સુવિધા જ નથી અને બીજી તરફ વાહનચાલકો આર.ટી.ઓ.માં આવતા નથી અને રહી જતું હોય તેમ સરકારના આ નિર્ણયનો વાસ્તવિક કે વ્યવહારૂ અમલ શકય જ જણાતો જ નથી તેમ આ એચએસઆરપી નંબર પ્લેટ લગાવા પર લાગી રહ્યું છે કે સરકાર હાલમાં હોતી હે ચાલતી હે ની નીતિ જોઈ રહ્યું છે.

# પ્રાંતિજમાં સ્ટ્રીટલાઈટ ચાલુ કરવાનું ચોઘડીયું ક્યારે નિકળશે

## સુવિધાઓ ઉપલબ્ધ પણ તંત્રની લાપરવાહીને લઈને અંધારપટ : હાલ તો સ્ટ્રીટલાઈટની સુવિધા માત્ર શોભાના ગાંઠીયા સમાન

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ એપ્રોચરોડથી રેલ્વેસ્ટેશન રોડ પ્રાંતિજના હાર્દ સમાન નવ કરોડના ખર્ચે તૈયાર થયેલ માર્ગ વચ્ચે નાખવામાં આવેલ સ્ટ્રીટ લાઈટો ચાલુ ના થતાં માત્ર શોભના ગાંઠીયા સમાન છે અને લાખ્ખો રૂપિયાના ખર્ચે રોડની વચ્ચે નાખવામાં આવેલ સ્ટ્રીટ લાઈટોની સુવિધાઓ ઉપલબ્ધ હોવા છતાં તંત્રની લાપરવાહીથી છેલ્લા કેટલાય મહિનાઓથી પ્રાંતિજ ત્રણ રસ્તા, એપ્રોચરોડથી રેલ્વે સ્ટેશન વિસ્તારમાં રાત્રીના સમયે અંધારપટ્ટ છે.

પ્રાંતિજ ત્રણ રસ્તાથી એપ્રોચરોડ રેલ્વે સ્ટેશન વિસ્તાર સુધી છેલ્લા કેટલાય સમયથી તૈયાર થયેલ માર્ગની વચ્ચે આર.એમ.બી. વિભાગ દ્વારા બનાવવામાં આવેલ રોડ વચ્ચે સ્ટ્રીટલાઈટના પોલ નાખવામાં આવ્યાં છે. પણ છેલ્લા છ એક મહિના ઉપર રોડનું કામ સ્ટ્રીટ લાઈટનું કામ પૂર્ણ કર્યા છતાં તંત્ર દ્વારા રાત્રીનાં સમયે સ્ટ્રીટ લાઈટ



ચાલુ કરવામાં આવતી નથી અને છેક ત્રણ રસ્તાથી રેલ્વેસ્ટેશન સુધીનો વિસ્તારમાં અંધારપટ્ટ રહે છે. તો આ વિસ્તાર ઉપર આવેલ રહેણાંક વિસ્તારો તથા રહિશોને રાત્રીનાં સમયે અવરજવર કરવા મુશ્કેલીઓ પડે છે. તો જેતે સમયે આ વિસ્તાર નું કામ ચાલું થવાનું હતું તે સમયે આ વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટો રોડના કામમાં અડચણ થતાં કાઢી નાખવામાં આવી હતી અને ત્યારથી આ વિસ્તારમાં અંધેરા કાયમ રહે જેવી સ્થિતિ પેદા થઈ છે. રેલ્વે સ્ટેશનથી ત્રણ રસ્તા સુધી નવ કરોડના ખર્ચે નવીન માર્ગ તૈયાર થઈ ગયો છે અને લાખ્ખો રૂપિયાના ખર્ચે રોડની વચ્ચે સ્ટ્રીટ લાઈટો નાખવામાં આવી છે પણ રોડનું કામ પૂર્ણ થયે અને સ્ટ્રીટ લાઈટો નાખીને થાંભલા ઉભા થયાને છ મહિના ઉપર થયું છતાં આ વિસ્તારમાં તંત્ર દ્વારા આજદિન સુધી સ્ટ્રીટ લાઈટો ચાલું ના કરવામાં આવતાં આજુબાજુમાં રહેતાં રહીશો તથા સોસાયટીના રહીશો હાલ તો રોષ જોવા મલી રહ્યો છે તો હાલ તો લાખ્ખોના ખર્ચે તૈયાર થયેલ સ્ટ્રીટ લાઈટોના થાંભલા માત્ર શોભાના ગાંઠીયા સમાન છે. સંપુર્ણ અદ્યતન સુવિધાઓ સાથે કામ પૂર્ણ છતાં સ્ટ્રીટ લાઈટો ચાલું કરવાં માટે હાલ તો તંત્ર દ્વારા કોઈ સારૂં ચોધડિયુ ના મળતું હોય તેવું હાલ તો લાગી રહ્યું છે.





## બનાસકાંઠા જિલ્લા-તાલુકા પંચાયતની ચૂંટણીમાં ૬૫ ટકા મતદાન

બનાસકાંઠા જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણી માટે મંગળવારે ચૂસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે મતદાન યોજવામાં આવ્યું હતુ. જ્યાં હડાદમાં ઉમેદવારોના ચિહ્ન બદલાયી જતાં મતદાન સ્થગિત કરી આજે પુનઃ મતદાન થશે. જોકે,આ સિવાય સમગ્ર જિલ્લામાં શાંતિમય વાતાવરણમાં મતદાન પૂર્ણ થવા પામ્યું હતુ. જ્યાં સાંજ સુધીમાં કુલ ૬૫ ટકા મતદાન થયું હતુ. બનાસકાંઠામાં બુધવારે પાલનપુર, ડીસા, દાંતા, દાંતીવાડા, દિયોદર, કાંકરેજ, લાખણી, સુઈગામ, થરાદ, ભાભર, વડગામ, વાવ, અમીરગઢ અને ધાનેરા તાલુકા પંચાયતની ૩૪૨ બેઠકો માટે મતદાન યોજાયું હતુ. ઉલ્લેખનીય છે કે, તાલુકા પંચાયતની ૩૫૦ માંથી ૮ બેઠકો બિનહરીફ થઈ છે. જ્યારે જિલ્લા પંચાયતની કુલ ૬૬ બેઠકો પૈકી એક બેઠક બિનહરીફ થઈ હોવાથી ૬૫ બેઠકો માટે મતદાન યોજાયું હતુ. આ બેઠકો ઉપર તાલુકા પંચાયતના કુલ ૭૯૬ ઉમેદવારો જ્યારે જિલ્લા પંચાયતના કુલ ૧૬૦ ઉમેદવારોના ભાવી ઈવીએમ મશીનમાં સીલ થવા હતા. હવે ૨૩ ફેબ્રુઆરીએ જગાણા સ્થિત કોલેજમાં મત ગણતરી યોજાશે.

# અરવલ્લી જિલ્લા સર્વશિક્ષા આઈડી વિભાગ દ્વારા દિવ્યાંગો માટે વિવિધ સેવાઓનો પ્રારંભ

## અંતરિયાળ વિસ્તાર સહિત જિલ્લાભરમાંથી આવતા દિવ્યાંગોને ભાડું-ભથ્થું આપવાની પણ જોગવાઈ કરાઈ

અરવલ્લી, તા. ૨૧

અરવલ્લી જિલ્લા સર્વશિક્ષા આઈડી વિભાગ દ્વારા દિવ્યાંગોની વિશેષ સાર સંભાળ



રાખવા અને આરોગ્ય વિષયક સેવાઓ, નિદાન વગેરેની વિશિષ્ટ સેવાઓનો મોડાસા સહિત જિલ્લાના તમામ ૬ તાલુકા મથકોના બીઆરસી ભવન ખાતે પ્રારંભ કરાયો છે. જેમાં આ તમામ ઠેકાણે સપ્તાહમાં ચાર દિવસ દિવ્યાંગો માટે સેવાઓ નિયમિતપણે ઉપલબ્ધ કરાશે તેમ જિલ્લા સર્વ શિક્ષા આઈડી વિભાગના કો. ઓર્ડીનેટર અમિતભાઈ કવિએ જણાવ્યું હતું.

આ કાર્યક્રમો મોડાસા, મેઘરજ, માલપુર, બાયડ, ધનસુરા અને ભિલોડા તાલુકા મથકોએ જે તે તાલુકાના બીઆરસી ભવન ખાતે દર સપ્તાહમાં ચાર દિવસ મંગળવાર, બુધવાર, ગુરુવાર અને શુક્રવારે યોજાશે. જેમાં દિવ્યાંગો માટે તબીબી સારવાર કેમ્પો નિષ્ણાત તબીબોની સેવા થકી ઉપલબ્ધ કરાશે. આ ઉપરાંત દિવ્યાંગોને સ્પર્શતા અન્ય શારીરિક, માનસિક સમસ્યાઓ પણ વિવિધ કેમ્પ થકી ઉજાગર કરાશે. દિવ્યાંગોને મુઝવતી તમામ બાબતોમાં ઊંડો રસ લેવશે. અને તે માટે આ પ્રકારનો દિવ્યાંગો માટે જ વિશિષ્ટ કાર્યક્રમોનું આયોજન કરાયું છે. જેમાં અંતરિયાળ વિસ્તાર સહિત જિલ્લાભરમાંથી આવતા દિવ્યાંગોને ભાડું-ભથ્થું આપવાની પણ જોગવાઈ કરાઈ છે. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી જે.કે. પટેલ ઉપરાંત સામાજિક અને સહકારી અગ્રણી પ્રભુદાસભાઈ પટેલ, જાયન્ટ્સના રાષ્ટ્રીય ટ્રસ્ટી નિલેશભાઈ જોશી વગેરે સહિતના પ્રેરણાદાયીઓના હૂંફ સાથ સહકાર મળી રહયો છે.



## મોડાસાની વી.એસ. શાહ પ્રાથમિક શાળામાં વિશ્વ માતૃભાષા દિન ઉજવાયો

વિશ્વ માતૃભાષા દિનની ઉજવણી દેશ અને દુનિયા લોકો ઉજવી રહ્યા છે. ત્યારે મોડાસાની વી.એસ. શાહ પ્રાથમિક શાળામાં ગુજરાતી સાહિત્યકાર અને કવિ ડૉ. સંતોષ દેવકર અને ડૉ. પિનાકીન પંડ્યાએ શાળાના બાળકોનેમાં અને માતૃભાષા વિષે સમજ આપી હતી અને ગુજરાતી તળપદી ભાષામાં બાર ગૌ એ બોલી બદલાય તેના ઉદાહરણ આપી બાળકો સાથે વાર્તાલાપ કર્યો હતો. આ કાર્યક્રમમાં મંડળના પ્રમુખ નિલેશ જોષી, ઉપ પ્રમુખ હરિહર કાકા સહીત શિક્ષકગણે બાળકો સાથે માતૃભાષા બચાવવા અને રોજિંદા વહેવારમાં અંગ્રેજી અને હિન્દી ભાષાના ઉપયોગના બદલે ગુજરાતી ભાષાનો ઉપયોગ કરવા માટે સમજાવ્યું હતું.

## હિંમતનગરના આરટીઓ સર્કલ પાસેથી બાઈક ચોરાયુ

હિંમતનગર, તા. ૨૧

હિંમતનગરના વિજાપુર રોડ આવેલ આરટીઓ સર્કલ નજીકથી છ દિવસ અગાઉ અજાણ્યો શખ્સ રૂ. ૨૦ હજારની કિંમતના બાઈકની ચોરી કરી લઈ ગયાની ફરીયાદ મંગળવારે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી. આ અંગે મમદઈસુફ અસ્લમભાઈ ભટ્ટે નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ ગત તા. ૧૬ ફેબ્રુઆરીના રોજ તેમણે પોતાનું બાઈક નં. જીજે.૦૯.સીઈ. ૫૮૫૧ને આરટીઓ સર્કલ નજીક પાર્ક કર્યુ હતુ. જ્યાંથી અજાણ્યો શખ્સ રૂ. ૨૦ હજારની કિંમતનાબાઈકની ચોરી કરી લઈ ગયો હતો. જે અંગે તપાસ કરવા છતા કોઈ પત્તો ન મળતા તેમણે અજાણ્યા શખ્સ વિરૂદ્ધ મંગળવારે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

# પ્રાંતિજના તાજપુર કૂઈ નેશનલ હાઈવે પરનો ખાડો મોતનો ખાડો બનશે

## અત્યાર સુધીમાં ખાડામાં બાઇકચાલક તથા કારચાલકો પટકાયા છે છતાં તંત્રની બેદરકારી

પ્રાંતિજ, તા. ૨૧

સાબરકાંઠા જિલ્લાના નેશનલ હાઈવે આઠ પ્રાંતિજના તાજપુર કૂઈ સ્ટેન્ડ પર છેલ્લાં એક તાજપુર કૂઈ સ્ટેન્ડ પાસે પડેલ ખાડામાં નાના મોટા વાહન ચાલકો પડતા ઈજાગ્રસ્ત થયા છે. હાઈવે ઓથોરિટી તંત્રના બહેરા કાને ખાડામાં પટકાય છે તો કેટલાય લોકોના ખાડામાં પડવાથી ઈજાઓ પહોચી છે. કેટલાંયના હાડકાં તો કેટલાંયની કમર ભાંગી છે.



વર્ષથી ખાડો પડયો છે પણ તંત્રને ખાડો દેખાતો નથી. તો રોજબરોજના કેટલાંય નાના મોટા વાહનચાલકો ખાડામાં પટકાતાં હાથપગ સહિત વાહનમાં પણ ભાંગફુટ થતાંના જોઈતી ઉપાધી સહિત ખર્ચ ભોગવવાનો વારો આવ્યો છે.

અમદાવાદ-હિંમતનગર નેશનલ હાઈવે આઠ પ્રાંતિજના અનેકવાર રજુઆત કરવામાં આવી હોવા છતાં કે તંત્રના કર્મચારીઓ ત્યાંથી દિવસમાં કેટલીય વાર અવરજવર કરવા છતાં રોડ ઉપર વચ્ચોવચ પડેલ ખાડો દેખાતો નથી અને ત્યાંથી પસાર થતાં બાઈક ચાલકોને કે વાહનચાલકોને ખબર ના હોવાથી દિવસ ભરમાં કેટલાય લોકો ચોમાસા દરમિયાન તો પાણી ભરાતાં કેટલાય વાહન ચાલકો ખાડામાં પટકાયા હતાં. તો હાઈવે ઓથોરીટી નઠોર તંત્રમાં સ્થાનિકો દ્વારા રજુઆત કરવા છતાં આજદિન સુધી કોઈજ કાર્યવાહી હાથ ધરવામાં ના આવતાં પડેલો ખાડો કયાંક મોતનો ખાડો બને તો નવાઈ નહી.

# વડાલીના ભંડવાલ અને ભવાનગઢમાં સાબરકાંઠા બેંકની શાખાઓનો શુભારંભ

હિંમતનગર, તા. ૨૧

ધી સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકની ૧૨૧ અને ૧૨૨મી શાખાનો શુભારંભ વડાલી તાલુકાના ભંડવાલ અને ભવાનગઢ ગામમાં શુક્રવારે શુભારંભ કરવામાં આવ્યો હતો. જે શાખાઓ બેંકના ચેરમેન મહેશભાઈ પટેલ અને વા. ચેરમેન રાજેન્દ્રસિંહ ભાટી દ્વારા રીબીન કાપી લોકો માટે ખુલ્લી મુકતા બન્ને ગામના તેમજ આસપાસના વિસ્તારના લોકોમાં તેમજ ખેડૂતોમાં ખુશીની લહેર ફેલાઈ હતી. આ પ્રસંગે બેંકના ચેરમેન મહેશભાઈ પટેલે જણાવ્યુ હતુ કે સરકારના મેક ઈન ઈન્ડિયા પ્રોજેકટને સફળ બનાવવા આસપાસના વિસ્તારના તમામ લોકોએ શાખાઓમાં એકાઉન્ટ ખોલાવી લેવડદેવડ કરવા જણાવ્યુ હતું. આ પ્રસંગે બેંકના એમ.ડી. જયંતીભાઈ પટેલ, વડાલી તાલુકા પંચાયત પ્રમુખ સુમિત્રાબેન પટેલ, જિલ્લા ખરીદ વેચાણ સંઘના ચેરમેન જયંતીભાઈ પટેલ, સાબરકાંઠા બેંકના રવજીભાઈ પટેલ તેમજ મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

જ્યારે સાબરકાંઠા બેંક દ્વારા લોકોની માંગણીને ધ્યાને લઈ શાખાઓ ખોલવામાં આવતા ભંડવાલ, દાંત્રોલી, કોદરેલી, જામરેલા, અસાઈ, વાસણા, હિમતપુર, રહેડા, ભવાનગઢ, હિમતપુર છાપરા, પાહીડીયોલ, અરસામડા ગામના ખેડૂતો, દૂધ ઉત્પાદકો અને લોકોમાં ખુશીની લહેર ફેલાઈ હતી.

# દલિત સમાજના પડતર પ્રશ્નો ઉકેલવા હિંમતનગરમાં રેલી યોજી આવેદનપત્ર આપ્યું

હિંમતનગર, તા. ૨૧

સાબરકાંઠા જિલ્લામાં વસતા દલિત અને અનુસૂચિત જાતીના લોકોના જમીન સહિતના અન્ય પ્રશ્નો વર્ષોથી ઉકેલવામાં આવતા નથી જેના કારણે તાજેતરમાં



પાટણના એક દલિતે આત્મવિલોપન કરી લેતા તેના કારણે સરકાર હલબલી ઉઠી છે. દરમિયાન બુધવારે હિંમતનગર ખાતે દલિતસેના સાબરકાંઠાના નેજા હેઠળ વિવિધ સમાજોએ એકજુટ થઈ રેલી કાઢી કલેકટરને સંબોધી આવેદનપત્ર આપ્યું હતું.

આ આવેદનપત્રમાં દલિતસેના સાબરકાંઠા વતી પ્રમુખ કરશનભાઈ મકવાણાએ કરેલી રજુઆતમાં જણાવ્યા મુજબ ખેત જમીન ટોચ મર્યાદા હેઠળ સાથણીમાં અપાયેલ જમીન ખેડૂતના નામે કરાતી નથી, દરેક તાલુકામાં તેના માટે લેન્ડ કમીટી બનાવાતી નથી, ગામડાઓમાં દલિત સમાજ માટે સ્મશાનની જમીન ફાળવવી જોઈએ, મંદિરોમાં દલિતોને પ્રવેશ આપી જ્ઞાતિ જાતીના ભેદ દૂર કરવા જોઈ.

ઉપરાંત ઈલોલમાં વીસ મુદ્દા અમલીકરણ સમિતિ તરફથી વર્ષો પહેલા અનુસુચૂતિ જાતીના લોકોને ફાળવવામાં આવેલ પ્લોટ મળ્યા નથી જે અંગે તંત્રએ ઘટતી કાર્યવાહી કરવી જોઈએ તથા ઈડરના ગોરલ અને મોટાકોટડા ગામના દલિતોની માંગણીઓ સંદર્ભે તંત્રએ હકારાત્મક કાર્યવાહી કરવી જોઈએ.

# વિદેશી દારૂ પકડતી ખેડબ્રહ્મા પોલીસ

દારૂનીપ્રવુતિ નેસ્ત નાબૂદ થાય તે અંગે કડક અમલવારી કરવા અમો એ.વી.દેસાઈ પોસઈનાઓ પોલીસ સ્ટાફ સાથે બોર્ડર વિસ્તાર પેટ્રોલીંગમાં હતા તે સમયે એક maruti esteem કાર પૂરઝડપે હોય અને ઉભી રાખવાનો ઈસારો કરતા ઉભી નહીં રાકેલ આથી શંકાસ્પદ હોય તેવુ લગતા તેનો પીછો કરી ઉન્ડવા રોડ પાસે આંતરી તેમાં બેઠેલા ઈસમો સાથે પકડતા જેનો નંબર gj-5-ag-29 જેમાં બેઠેલ કે જેનું નામ લાલસિંગ ભાવવારસિંહ સીસોદીયા. રહે. જગત તા.ગિરવા, જિ. ઉદયપુર અને અન્ય ઈસમ જેનુ નામ વિજયસિંહ ફતેસિંહ રાજપુત, રહે.વસુ તા.ગિરવા. જિલ્લો. ઉદયપુર. તે ગાડીમાં ચેક કરતા વિદેશી દારૂની પેટીઓ ભરેલ જેને પો. સ્ટ. લાવી તપાસતા કુલ ૧,૧૪,૪૫૦/રૂપિયાનો વિદેશી દારૂ મળતા પ્રોહી. એકટ.મુજબની બંને આરોપીઓ વિરૃધ્ધ ફરીયાદ દાખલ કરેલ છે. આમ gj-5ag-29 મારુતિ એસટીમ



કારમાંથી કુલ વિદેશી દારૂ ૧,૧૪,૪૫૦/,અને અન્ય મુદ્દામાલ મલી કુલ ૨,૪૩,૩૦૦ રૂપીયાનો કુલ મુદ્દામાલ ઝડપી તેની સાથે કુલ ૨આરોપીને પકડી ખેડબ્રહ્મા પો.સ્ટે. લાવી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.